
## જન્મદિને વધામણી



**કિશોરસિંહ પઢિયાર**
પ્રકૃતિપ્રેમી

### નૂતન વર્ષનાં વધામણાં

નવા વર્ષનાં પગલાં પ્રેમથી જીવનને ભરી દે. નવી આશાઓના પર્વતો પરિણામમાં પીગળી જાય. વેરની કટુતા દૂર થાય. સંબંધોની સાંકળ સોનાની બને. અરમાનોની પૂર્તિ થાય. સ્વપ્નો સાકાર થાય. નવી શક્તિ, નવું જોમ સફળતાની કેડી કંડારે. અશ્રુભીની ક્ષણોનો અંત આવે. સ્મિતની સરિતાને કાંઠે સ્નેહપુષ્પો ખીલી ઊઠે. પ્રત્યેક ક્ષણ પ્રોત્સાહક બની રહે. નિષ્ફળતાઓને વિસારે પાડીએ. ભવ્ય ભવિષ્યનાં મંડાણ થાય. ભૂતકાળની મધુર સ્મૃતિઓને સહોર વર્તમાનને સમૃદ્ધ બનાવીએ. સૂકા સંબંધો લીલા થાય. વહાલની વાદળીઓ ચોતરફ મેઘધનુષી આભામંડળ રચી દે. સુખનો સૂર્યોદય થાય. આફતોનો સૂર્ય અસ્તાચળનો વહે. આવતાને આવકારીએ અને જતાને 'જય શ્રીકૃષ્ણ' કરીએ. પરિચિતોને પ્રણામ કરીએ; અજાણ્યાને આશિષ દઈએ. ફૂલોની જેમ ફોરમ રેડી કર્મનાં ઉપવનોને મહેકાવી દઈએ. મિત્રોના મેળા રચીએ અને મતભેદોના ડંખને દબાવી દઈએ.

ચાલો, અંતરના ઊંડાણથી વધાવીએ નવા વર્ષને.....

**- શૈલેષ પંડ્યા**

## કલાગુર્જરી દ્વારા શનિવારે રાત્રે 'રણકાર ગુર્જર હૈયાને દરબાર' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરની કલાગુર્જરી સંસ્થા દ્વારા 'રણકાર' ગુર્જર હૈયાને દરબાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સંસ્થાના પ્રમુખ એન પી પટેલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે તા. ૫ જાન્યુઆરી ને શનિવારના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

કાર્યક્રમ અંતર્ગત સુરીલી સરગમ, સલીલ મહેતા દ્વારા કલ્યાણી કૌઠાળકર, પ્રહર વોરા, સંપદા વોરા અને હર્ષ શાહના કંઠે કંઠસ્થ, લોકભોગ્ય, પ્રચલિત, મનગમતાં ગુજરાતી ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવશે. સંગીત સંચાલન મયુર દવે, સંગીલ સંકલન કલ્યાણી કૌઠાળકર અને સંચાલન ડૉ. માર્ગી હાથી દ્વારા કરવામાં આવશે. સંસ્થાના સભ્યોને આ કાર્યક્રમનો લાભ લેવા માટે તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં ટ્રેડિશનલ ડે





શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે વિવિધ ડેની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ક્રમમાં મંગળવારે ટ્રેડિશનલ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજની તમામ વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો અને વિવિધ પરંપરાગત પહેરવેશ ધારણ કરીને કૉલેજ પરિસરને ભાતીગળ ભારતમાં પરિવર્તિત કરી દીધું હતું.

## કે. બી. ફાર્મા ઈન્સ્ટીટ્યુટમાં ફાર્મસી પ્રૅક્ટિસની કૉન્ફરન્સ

### દેશ ઉપરાંત આફ્રિકામાં રહેતા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન કે બી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્માસ્યુટીકલ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ દ્વારા પ્રથમ વાર ફાર્મસી પ્રૅક્ટિસ અંગે ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશ ઉપરાંત આફ્રિકામાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. બીજી નાગાવી, ડૉ. એસ ડી રાજેન્દ્રન, ડૉ. મીરા દેસાઈ, ડૉ. ઍસ પોનુશંકર, ડૉ. રેનિલ તિવારી, ડૉ. જયેશ ભટ્ટ દ્વારા ફાર્મસી પ્રૅક્ટિસના વિવિધ વિષય પર પોતાના અનુભવો અને જ્ઞાનની વહેંચણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે પોસ્ટર પ્રેઝન્ટેશનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત ૪૫ જેટલાં પોસ્ટર્સ રજૂ કરવામાં આવ્યાં હતાં. પ્રથમ ત્રણ ક્રમના વિજેતાઓને ઈનામો ઍનાયત કરવામાં આવ્યાં હતાં.

કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. શ્રીકલ્પ દેશપાંડેના નેતૃત્વ હેઠળ આ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

## આરાધના ઈંગ્લિશ સ્કૂલમાં ભાષાશુદ્ધિ અંગે પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧

સૅક્ટર-૨૮માં કાર્યરત આરાધના ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલમાં આચાર્ય વિક્રમસિંહ રાજપૂતના સંચાલનમાં અને રોહિતભાઈ જોષી દ્વારા ભાષા શુદ્ધિ ઉપરાંત પક્ષી, પર્યાવરણની રક્ષા બાબતે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. રોહિતભાઈ દ્વારા વ્યાકરણ અને વાચનશુદ્ધિ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. રાષ્ટ્રભાષાના પ્રચારમાં વિક્રમસિંહ રાજપૂતે ઉલ્લેખનીય ભૂમિકા રહી હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

# ચૌધરી ફાર્મસી કૉલેજમાં થીમ ડેની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી ફાર્મસી કૉલેજમાં ડે સૅલિબ્રેશનની શરૂઆત કરવામાં આવી છે.

તા. ૩૧ના રોજ 'થીમ ડે' અંતર્ગત કલાસ ડૅકોરેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાટક અને નૃત્યની પ્રસ્તુતિ પણ વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવી હતી.

વિદ્યાર્થિનીઓએ દેશનાં જુદાં-જુદાં રાજ્યોના તહેવાર, ખોરાક, નૃત્યની પ્રસ્તુતિ કરી વિવિધતામાં એકતાનાં દર્શન કરાવ્યાં હતાં. ઉપરાંત 'મારું ગામડું-મારું ઘર' થીમ પર ગામડાની ભૂમિકા, ગામલોકોની માનવતા, પ્રેમ, રહેણી-કહેણીનું દર્શન કરાવ્યું હતું. ડિજીટલ ઈન્ડિયાના સ્વપ્નમાં ડિજીટલ માર્કેટિંગ કોમર્સ, કમ્યુનિટી, કનેક્શન સાથે કેવી રીતે કાર્ય કરે છે તેની પ્રસ્તુતિ પણ વિદ્યાર્થિનીઓ દ્વારા અસરકારક રીતે કરવામાં આવી હતી.

ઈન્ટરનેટ થીમ પર સુંદર નાટકની પ્રસ્તુતિ પણ વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. ફાલ્ગુની પંડ્યા દ્વારા આચાર્ય પ્રકૃતિ જોષીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ટેક્વોનડો નેશનલ યુથ ગેમ્સમાં ગાંધીનગર ઝળક્યું




વડતાલ, આણંદ મુકામે તાજેતરમાં ટેક્વોનડો નેશનલ યુથ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગેમ્સમાં ગાંધીનગરની ટીમના ખેલાડીઓએ વિવિધ ઈવેન્ટ તથા એજ-વેઈટ ગૃપમાં ભાગ લઈ ૨૬ ગોલ્ડ, ૧૫ સિલ્વર, ૭ બ્રોન્ઝ મેડલ મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું હતું. આ ટીમનું નેતૃત્વ અને માર્ગદર્શન કોચ અજય જાડેજા, રોનક કંસારા તથા સુધીર વસ્તી દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણી તથા ચીફ કોચ જતીન દવેએ ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## એસ કે પટેલ સ્કૂલમાં ક્રિસમસ ડે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં ક્રિસમસ ડે ઉજવાયો હતો, જેમાં બાળકો સાન્તા ક્લોજ ના કપડાં પહેરીને આવ્યા હતા.શિક્ષિકાઓએ પણ સાન્તાના કપડાં પહેરીને બાળકોને ખુશ કરી દીધા હતા. બાળકોને ક્રિસમસનાં ગીતો વગાડીને ડાન્સ કરાવાયો હતો. શિક્ષિકાઓએ બાળકોને ક્રિસમસ વિષેની માહિતી આપી હતી. બાળકો અને શિક્ષકોએ આ ડે ખૂબ જ ઉત્સાહથી ઉજવ્યો હતો.

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલની ગ્રામીણ શિબિર રાંધેજામાં યોજાઈ

### સાત દિવસ દરમિયાન પ્રાર્થના-પ્રભાત ફેરી, ગ્રામ સફાઈ, સામાજીક જાગૃતિને લગતા સુત્રોચ્ચાર તથા આરોગ્ય નિદાન કેમ્પ જેવા સામાજીક જાગૃતિ અને સેવાના કાર્યક્રમો કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજાના રાષ્ટ્રીય સેવા યોજના(એન.એસ.એસ) યુનિટ દ્વારા ગાંધીનગર સ્થિત રૂપાલ ગામ ખાતે તા. ૧૭-૧૨-૧૮ થી ૨૩-૧૨-૧૮ દરમિયાન ગ્રામીણ શિબિરનુ આયોજન કરવામાં આવ્યું હતુ. શિબિરના પ્રોગ્રામ ઓફિસર ડો.હસમુખ પંચાલ હતા. આ વર્ષની શિબિરનો મુખ્ય વિષય "યુવાનો અને ગંધી જીવનશૈલી" હતો, કે જે ગાંધી બાપુની ૧૫૦મી જન્મજયંતિને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવ્યો હતો. શિબિરના ઉદ્દ્ઘાટન સમારોહમાં ગુજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડો. રાજેન્દ્ર ખીમાણી, રાષ્ટ્રીય સેવા યોજના(એન.એસ.એસ)ના કો-ઓર્ડિનેટર અરૂણ ગાંધી, ગાંધીનગર પ્રાંત આધિકારી ઋતુરાજ દેસાઈ, રૂપાલ ગામના સરપંચ જસુભાઈ પરમાર તથા શિબિર સંયોજક ડો. રાજીવ પટેલ મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. સમગ્ર સાત દીવસ દરમિયાન વહેલી સવારે ૬:૦૦ વાગે ઉઠી પ્રાર્થના-પ્રભાત ફેરી, ગ્રામ સફાઈ, સામાજીક જાગૃતિને લગતા સુત્રોચ્ચાર તથા ગ્રામજનો સાથે હળીમળી શકાય તે હેતુથી લોકસંપર્ક જેવા કાર્યક્રમો શિબિરાર્થી વિદ્યાર્થીઓની દીનચર્યા બની ગયેલ હતી. આ ઉપરાંત વિવિધ તજજ્ઞો દ્વારા કૃષિ વિજ્ઞાન, ટ્રેઈન યોર બ્રેન તથા આરોગ્ય નિદાન કેમ્પ જેવા સામાજીક જાગૃતિ અને સેવાના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

વર્તમાન સમયમાં વધી રહેલી વ્યસનની સમસ્યાને ધ્યાનમાં લઈ શિબિરાર્થી વિદ્યાર્થીઓ દ્વારા લોકસંપર્ક કાર્યક્રમ યોજીને ગ્રામજનો સાથે વાતચીત દ્વારા તથા ગામમાં રેલીનુ આયોજન કરી વ્યસન મૂક્તિના કર્યક્રામો ખુબજ આસરકારક રીતે કરવામાં આવ્યા હતા. કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના(એન.એસ.એસ) યુનિટ અને રેડ્ક્રોસ સોસાયટીના સહયોગથી ગામમાં રક્તદાન શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં ૫૬ જેટલી બ્લડ બોટલ એકત્રિત કરવામા આવી હતી.

દેશની પ્રવર્તમાન સામાજીક સમસ્યાઓના નિવારણ માટે આ દેશના યુવાનો દ્વારા કરવામાં આવતી પ્રકારની શિબિરો મહત્વની બની શકે તેમ છે.

# બાપુના પાવન પ્રસંગો

### ૧) 'તેથી એકલો આવ્યો છું'

ચંપારણની વાત છે. ત્યાંના નીલવરોના અન્યાય ને અત્યાચારોની બાપુએ તપાસ શરૂ કરેલી અને પ્રજામાં કંઈક ચેતન આવ્યું હતું. બાપુએ ઠેકઠેકાણે શાળાઓ ખોલેલી તેની પણ લોકો પર સારી અસર થવા માંડી હતી. ગોરા નીલવરો આથી ગભરાયા હતા.

કોઈએ બાપુને કહ્યું, "અહીંનો અમુક નીલવર સૌથી દુષ્ટ છે. તે આપનું ખૂન કરાવવા માગે છે ને તેને માટે તેણે મારા રોક્યા છે."

આ સાંભળીને બાપુ એક દિવસ રાત્રે એકલા પેલા ગોરાને બંગલે પહોંચ્યા ને કહેવા લાગ્યા: "મેં સાંભળ્યું છે કે મને મારી નાખવા માટે તમે ગોરાઓ રોક્યા છે, એટલે કોઈને કહ્યા વગર હું એકલો આવ્યો છું."

પેલો બિચારો સ્તબ્ધ થઈ ગયો.



### ૨) સ્વચ્છતાનું મહત્વ

બિરલા કુટુંબ સાથે ગાંધીજીને ઘણો જ ગાઢ સંબંધ હતો. દિલ્હીમાં તેઓ બિરલા ભવનમાં જ ઊતરતા. તેમના જેવા મૂડીવાદીને ત્યાં ગાંધીજી રહેતા તેથી પ્રજાના એક વર્ગને એ ગમતું નહીં. બિરલા ગાંધીજીનો ખોટી રીતે લાભ ઉઠાવે છે એવું પણ એ વર્ગ કહેતો. તેમને ગાંધીજી વિનોદમાં કહેતા કે, 'હું પાકો વાણિયો છું. બિરલાજી મને વટાવી શકે એમ નથી.'

એક વાર બિરલા ભવનમાં ગાંધીજીનો વસવાટ હતો. સવારમાં તેઓ સ્નાનની તૈયારીમાં હતા. પણ નાહવાની ઓરડીમાં બિરલાજી સ્નાન કરતા હતા. તેઓ સ્નાન કરીને બહાર આવ્યા પછી ગાંધીજી અંદર ગયા. અંદર જઈને જોયું તો બિરલાજીનું ભીનું ધોતિયું પડેલું હતું. તેને બાજુએ મૂકીને સ્નાન કરવા કરતાં ગાંધીજીએ તે જાતે જ ધોઈ નાખ્યું અને પછી નાહવા બેઠા. બિરલાજીનો નોકર ધોતિયું લેવા આવે તે પહેલાં તો દ્વાર બંધ થઈ ગયેલું. ગાંધીજીએ પોતાનો કચ્છ પણ જાતે જ ધોઈ નાખ્યો. એ બંને કપડાં લઈ તેઓ બહાર આવ્યા અને દોરીએ સૂકવતા હતા તે દરમિયાન બિરલાજી ઉતાવળા આવી પહોંચ્યા :

'અરે બાપુ ! બાપુ ! આ શું કરો છો ?' કહી પોતાનું ધોતિયું ગાંધીજીના હાથમાંથી ખેંચવા લાગ્યા. આ બનાવથી તેમને માઠું લાગ્યું.

ધોતિયું સૂકવતા સૂકવતા ગાંધીજી બોલ્યા : 'મેં ધોયું તેથી બગડી શું ગયું ? અંદર પડેલું હતું. તેના પર કોઈનો મેલો પગ પડે તેના કરતાં ધોઈને સ્વચ્છ કર્યું એ તો સારું જ થયું ને ?'

'બાપુપ..' બિરલાજી ગણગણ્યા. ગાંધીજી જેવા મહાપુરુષે પોતાનું ધોતિયું ધોયું તેનો ખેદ અને નાહવાની ઓરડીની તરત સાફ કરવાની બેદરકારી માટે બિરલાજીને પશ્ચાત્તાપ થવા લાગ્યો. શું બોલવું તે તેમને સમજાયું નહીં. પછી થોડી વારે તેઓ બોલ્યા : 'આટલો બધો કામનો બોજો હોવા છતાં બાપુ ! તમે એ શા માટે ધોયું ?'

ગાંધીજી : 'જીવનમાં સ્વચ્છતાના કાર્ય સિવાય વળી બીજું મોટું કાર્ય કયું ?'

બિરલાજી શું બોલે ?

સ્વચ્છતા વિશે ગાંધીજીના કડક આગ્રહનો ખ્યાલ બિરલાજીને હતો જ પણ સ્વચ્છતાની આટલી ઊંચી માત્રાનો અનુભવ તો આ પ્રસંગે જ થયો.

### 3. મનુબહેન ગાંધી

નોઆખલી ને બિહારના યજ્ઞમાં ઝંપલાવ્યા પછી ૧૯૪૭ની ૩૦મી માર્ચના રોજ બાપુજીને લૉર્ડ માઉંતબૅટનને મળવા જવાનું થયું. વાઈસરૉયે તો બાપુજીને વિમાનમાં મળવા બોલાવેલા. પણ "જે વાહનમાં કરોડો ગરીબો મુસાફરી ન કરી શકે તેમાં મારાથી કેમ બેસાય?" એમ કહી તેમણે તેનો ઈનકાર કર્યો. અને "ટ્રેનમાં પણ હું તો મારું કામ સારી રીતે કરી લઉં છું, એટલે હું તો આગગાડીમાં જ આવીશ." એવો નિશ્ચય કર્યો.


ગરમી અસહ્ય હતી. ચોવીસ કલાકનો રસ્તો હતો. એમણે મને બોલાવીને કહ્યું; "ઓછામાં ઓછો સામાન અને નાનામાં નાનો ત્રીજા વર્ગનો ડબ્બો પસંદ કરવાનો."

મેં સામાન તો ઓછામાં ઓછો લીધો. પણ સ્ટેશને સ્ટેશને બાપુજીના દર્શનાર્થીઓની એટલી ભીડ જામશે કે ઘડીયે એમને આરામ નહીં મળે; આમ વિચારીને મે બે ખાનાંવાળો ડબ્બો પસંદ કર્યો.એકમાં સામાન રખાવ્યો અને બીજામાં બાપુજીને સૂવાબેસવાનું રાખ્યું.

પટણાથી દિલ્હી જતી ટ્રેન સવારે ૯-૩૦ વાગ્યે ઊપડે. ગરમીના દિવસોમાં બાપુજી બપોરનું ભોજન ૧૦ વાગ્યે લેતા. હું બીજા ખાનામાં જઈ સામાન ખોલી બાપુજી માટે ખાવાનું તૈયાર કરવા ગઈ. થોડી વારે બાપુજીવાળા ખાનામાં આવી. બાપુજી તો લખવામાં પડ્યા હતા. મને પૂછ્યું.''ક્યાં હતી?'' મેં કહ્યું, "અહીં ખાવાનું તૈયાર કરતી હતી." તેમણે મને બારીએથી બહાર નજર નાખી જોવાનું કહ્યું. મેં બહાર જોયું તો લોકો લટકતા હતા. મને મીઠો ઠપકો મળ્યો:''આ બીજા ખાનાનું તેં કહ્યું હતું ?''

મેં કહ્યું :''હા બાપુજી, હું અહીં જ બધું કામકાજ કરું-સ્ટવ પર દૂધ ગરમ કરું,વાસણો સાફ કરું, તેથી આપને તકલિફ પડશે એમ જાણીને મેં બીજા ખાનાનું કહ્યું.''

"કેવો લૂલો બચાવ છે ! આંધળો પ્રેમ તે આનું નામ. એક સ્પેશિયલ પાછળ કેટલી ગાડીઓ રોકાય અને કેટલા હજારનું ખર્ચ થઈ પડે? એ મને કેમ પોસાય? હું જાણું છું કે તું આ બધું મારા ઉપરના અત્યંત પ્રેમને વશ થઈને કરે છે. પણ મારે તો તને ઊંચે ચડાવવી છે, નીચે નથી પછાડવી, એ તારે સમજવું જોઈએ. અને સમજી હો તો હું તને કહી રહ્યો છું અને તારી આંખમાંથી પાણી પડી રહ્યાં છે તે ન પડવાં જોઈએ. (ક્રમશઃ)



સૌજન્ય : અરુણ ગાંધી લિખિત 'બા : મહાત્માનાં અર્ધાંગિની'